## ખ-માર્ગને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છતા કામ શરૂ ન થતા જવાબદાર એજન્સીને નોટીસ આપી ત્વરિત કામગીરી શરૂ કરી દેવા માટે સુચના આપવામાં આવી હતી. પરંતુ છેલ્લા લાંબા સમયથી ખ માર્ગનુ કામ પુનઃ શરૂ કરવામાં આવ્યુ ન હતુ જયારે કામ માટે નિયત કરાયેલ સમયગાળો પણ પુર્ણ થવાનો વારો આવ્યો હતો. જેના પરિણામે તંત્ર દ્વારા વખતો વખત કામની જવાબદારી સંભાળતી એજન્સીને નોટીસ આપી ખ માર્ગનુ બાકીનુ કામ ઝડપભેર પુર્ણ કરવા માટે સુચના આપી હતી. કામગીરી યથાવત સ્થિતિમાં રહેતા તંત્રએ એજન્સીને બ્લેક લીસ્ટ કરવાની ગતિવિધિઓ હાથ ધરી હતી. જેના પરિણામે એજન્સી દ્વારા ત્વરિત ખ માર્ગનુ અધુરુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી નવેમ્બર મહીના સુધીમાં ખ માર્ગને સિકસલેન બનાવાની કાર્યયોજના પુર્ણ કરી દેવાશે. જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટ હોવાથી ખ માર્ગનું કામ પુર્ણ થયા બાદ માર્ગના આનુસંગિક બ્યુટીફિકેશનનુ કામ પણ હાથ ધરવામાં આવશે.






## ચિલોડામાં વ્યસનમુક્તિની મહાસભા યોજાઈ

ગાંધીનગર પાદરે ચિલોડા ગામના બળીયાદેવ મંદિર ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વ્યસન મુક્તિ મહાસભા અને તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઠાકોર સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ગાંધીનગર નજીક ચિલોડા ખાતે વ્યસન મુક્ત મહાસભાનું આયોજન ચિલોડા ઠાકોર સેના દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ગુ.ક્ષ.ઠા. સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે સમાજમાંથી વ્યસનને દેશવટો આપવાનું જણાવ્યુ હતુ. અત્યારે શિક્ષણ થકી સમાજને વિકાસના પંથે લઈ જવા આહવાન કર્યુ હતુ. આગામી આવનાર વિધાનસભાની ચૂંટણીમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. સમાજ વંચિત ના રહી જાય તે માટે રાજનિતિના બદલાવની પણ વાત કરી હતી. શિક્ષણ દ્વારા સામાજિક જાગૃતિ લાવી વ્યસનમુક્તિના પરિવર્તનના માર્ગને વેગવાન બનાવવા સમાજના નાગરીકોને અનુરોધ કર્યો હતો. અસામાનતા, શિક્ષણના અભાવે સામાજીક બદીઓથી ઘણુ બધુ ગુમાવ્યું છે. ત્યારે હવે નશાબંધીના કાયદાને વધુ અસરકારક બનાવી વ્યસનના દૂષણને નાથવા ઠાકોર સેના મેદાનમાં આવી ગઈ છે. રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ કરવાવવા સરકારમાં લાખોની સંખ્યામાં પોસ્ટકાર્ડ લખીને મોકલવા જણાવ્યુ હતુ. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓને અલ્પેશજી ઠાકોરના હસ્તે પ્રોત્સાહન ઈનામ આપી સન્માનીત કરાયા હતા. આ મહાસભામાં ક્ષત્રિય સેનાના કાર્યકરો, હોદેદારો, આગેવાનો, સહિત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ફફડી ઉઠ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનની સેના આતંકવાદીઓ અને તેમના શસ્ત્રાગારને વધુ નુકસાન ન થાય તે માટે હવે પ્રયાસમાં છે. પ્રાપ્ત માહિતી મુજબ મુજફ્ફરાબાદ નજીકના ૧૨ ત્રાસવાદી કેમ્પ હાલમાં મનશેરા, નૌશેરા અને ઝલમની આસપાસ શિફ્ટ કરવામાં આવ્યા છે. ભારતીય સેનાએ હાલમાં પોકમાં કાર્યવાહી કરી હતી. ભારતે મુરી અને રાવલકોટમાં આવેલા ત્રાસવાદી કેમ્પને ફુંક માર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ઈન્ટેલિજન્સ સુત્રોએ પાકી માહિતીના આધાર પર કહ્યુ છે કે કેમ્પમાં હજુ પણ ૫૦૦ ત્રાસવાદીઓ રહેલા છે. જે તાલીમ પામેલા છે. આ ત્રાસવાદીઓ ખતરનાક ઈરાદો ધરાવે છે.

## રખડતા ઢોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં તેમજ મુખ્ય માર્ગો પર નજર નાંખો ત્યાં રખડતા ઢોર જોવા મળી રહયા છે.ખુલ્લી જગ્યામાં દબાણ ઉભા કરી પશુપાલકો ઢોર બાંધી રાખે છે. ત્યારે પ્લોટ માલિકોને પણ નોટીસ આપવાની અનિવાર્યતા છે. ચોમાસા બાદ ઉગી નિકળેલા ઘાસના લીધે આસપાસના વિસ્તારમાંથી પણ પશુપાલકો ઢોરને ખુલ્લા મુકી દે છે. જેના પરિણામે શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે. શહેરના રહેણાંક વિસ્તાર ઉપરાંત કોર્મશિયલ કોમ્પલેક્ષો તેમજ શાકભાજી બજારમાં કલાકો સુધી રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહયો છે. શાકમાર્કેટમાં કેટલીક વાર મુલાકાતીઓએ ધક્કે ચઢવાનો વારો આવે છે. રખડતા ઢોર પર પ્લેટ ચિપકાવીને સી સી ટી વી કેમેરાના આધારે ઢોર માલિકોને પણ દંડ કરવો જોઈએ. આવા સંજોગોમાં ગ્રામ્ય વિસ્તારમાં જેમ એનિમલ હેલ્પલાઈનની યોજના છે. આ યોજના શહેરમાં પણ અમલી બનાવવામાં આવે તેવી અનિવાર્યતા છે. ગાંધીનગર શેહરમાં પણ એનિમલ હોસ્ટેલ બનાવવા પરિષદ દ્વારા માંગણી કરવામાં આવી છે. જાગૃત નાગરિકોની બેઠકમાં પણ જયોતિન્દ્ર દવે ,એચ બી વરિયા, જયંત ભટ્ટ તેમજ ભાનુપ્રસાદ પુરાણી સહીતના આગેવાનોએ સુચનો કર્યા હતા.




## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

છે બન્ને મોડી રાત સુધી વાતચીત કરે છે. એ વખતે બન્નેના મનોમંથનમાં સ્ત્રી – પુરુષ સહજ બધુ જ ચાલે છે. પણ બન્ને વચ્ચે એવું કશું થતું નથી. બન્ને પાત્રો અને વાચકોને અહીં પણ નિરાશ થવું પડે છે. જો કે અહીં લેખક એક સ્વપ્ન મૂકીને કથાને વધુ સંવેદનશીલ બનાવવાનો પ્રયાસ જરૂર કરે છે. અંજુનો હાથ પોતાની જ છાતી પર પડતા જ એને 'બાળકના સ્તનપાન' નું સ્વપ્ન આવવું અને ઈચ્છા, કામ, વિરહ, સુખ જેવા અનેક ભાવોની અનુભૂતિને સાંકેતિક રીતે વાચકોના મનમાં જન્માવે છે. પણ લેખક પાત્રોને રાતનું એકાંત – પરસ્પર લાગણી હોવા છતાંય આગળ વધારતા નથી. લેખકના પાત્રો આદર્શવાદી બની રહે છે.

અહીં 'પ્રકાશ'નું નાયક તરીકેનું પાત્ર માનવીય ગુણ – અવગુણથી ભરેલું છે. એનામાં વૈચારિક સ્થિરતા નથી. કેમ કે તે અંજુને કૉલેજકાળથી ચાહે છે છતાંય તે પોતાની સહકર્મચારી સ્મિતા પાસે અંજુ વિશે ' શું જમાનો આવ્યો છે, સ્ત્રી ભાયડા કરવા નીકળે..... ત્યા ધરવ ના થયો તે પાછી ભારતમાં આવી? અને એ પણ મારી પાસે ' આવી વાત દ્વારા પ્રકાશની વૈચારિકતાનો ખ્યાલ આવે છે. કેમ કે પ્રકાશ છેક સુધી અંજુ સાથે રહીને એને મદદ કરે છે, તો વળી એકવખત સ્મિતાના મિસકૉલ સંદર્ભે પ્રકાશ કહે છે 'ગાંધીનગરમાં સ્કૂટરનું ચલણ વધારે – સ્પેર વ્હીલની વાત કરીને''તેમ વ્યક્તિ કે અહીં વસનારને પણ એક સ્પેર વ્હીલ હોય એવું પણ કહે છે.

આ લઘુનવલની સૌથી વધુ હદયદ્રાવક વાત હોય તો તે છે 'સેરોગેટ મધર''ની ઉછીના માતૃત્વ સંદર્ભે થતી વાતચીત, માતૃત્વ આપનાર અને લેનાર બન્ને સ્ત્રીઓની માનસિક વ્યથા, પીડા – પારિવારિક, સામાજિક અને માનસિક સ્તર પર ઉઠતા પ્રત્યુત્તર વિનાના પારાવાર પ્રશ્નો બન્ને સ્ત્રીઓને અને ભાવકોને પણ પીડે છે. નવમાસ ગર્ભને પોતાના પેટમાં રાખી, ઉછેરી અને જન્મ બાદ કોઈને આપી દેવાથી અને લઈ લેવાની પીડાનું પ્રાગટ્ય અહીં એકદમ સૂક્ષ્મતાથી થયું છે. લેખક 'ઉછીના માતૃત્વ' ના વિચારને સાકાર નથી કરતા અને પરિણામે વાચકોના મનમાં ઉભી થયેલી 'સેરોગેટ મધર'ની વાત પૂર્ણ થતી નથી. જો કે લેખકે અહીં કથાના મૂળ ઉદેશ્યને વળગી રહીને સ્ત્રી ભાવનાને, નારીત્વને, માતૃત્વને વધુ મહત્વ આપીને એનો મહિમા કર્યો છે. અને 'ઉછીના માતૃત્વ'ની વાત ભૂલીને 'પોતાની જ કૂખે બાળક જન્માવવું' એવો સુખદ અંત આપે છે. આ કથામાં ભાષાની દૃષ્ટિએ તળપદા શબ્દોની સાથે સાથે અંગ્રેજી શબ્દોનો પ્રયોગ પણ ખુબ થયો છે. જેને કારણે પાત્રો અને લેખકની ભાષા વચ્ચે એક અંતર તરી આવે છે. પાત્રોની ક્રિયા સંદર્ભે લેખક દ્વારા ઘણી વખત પ્રતિક્રિયામાં અતિશયોક્તિ દેખાય છે. આ કથાનો સૌથી વિશેષ આસ્વાદ્ય અંશ હોય તો એ એમાં પ્રયોજાયેલા જીવન વિષયક ચિંતનાત્મક વાક્યો છે. જે લેખકના અનુભવ અને સર્જનકલાના નિચોડરૂપે આલેખાય છે.

આમ એક નવા વિષય તરીકે – સ્ત્રી સંવેદનાની નવી દિશારૂપે ચિતરાતી મનોચેતનાનું આલેખન ખુબ જ સૂક્ષ્મતાથી થયું છે. ખરેખર આ કથાનો વિષય એક સફળ બૃહદ નવલકથાનો વિષય બની શકે એવી ક્ષમતા ધરાવે છે.

(કૂખ : લેખક – રાઘવજી માધડ – Mob. ૯૪૨૭૦૫૦૯૯૫, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, મૂલ્ય – રૂ/- ૭૦/-)

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

છતાં પણ મોજથી લંડનમાં શોપિંગ કરતા રહ્યા.

અત્યાર સુધી સેનાને એ છૂટ નહોતી મળી જે એ માંગતી હતી. રીપોર્ટ પ્રમાણે ઉરી હુમલા પછી દેશભરમાં તો બદલાનો રોષ હતો જ પણ ખાસ કરીને સેના આકરા પાણીએ આવી ગયેલી. વર્ષોથી ચાલતા આ નગ્ન નાચમાં સૌથી વધુ નુકશાન તો સેના એ જ ઉઠાવવું પડ્યું છે અને એ પણ કોઈ દેખીતા કારણ વગર. સેનાએ ઉરી હુમલા પછીથી જ વળતી કાર્યવાહીની છૂટ માંગેલી અને કોઈને ગમે કે નાં ગમે પણ મોદી સરકારે એ માંગણી ગંભીરતાથી વિચારી અને અમલમાં પણ મૂકી બતાવી. સી , ભલે એમ કહી શકાય કે પ્રજાના રોષને લીધે મોદી સરકારે આ પગલું ભર્યું છે પણ એ હકીકત પણ નકારી ના શકાય કે અગાઉની સરકારોએ એ જ પ્રજાના રોષને દરકિનાર કરેલો જ. એની વે આપણા લેખનો મુદ્દો હરગીજ રાજકીય નથી જ પણ સેનાના આ પરાક્રમને સરાહવાનો જ છે. ' ચુન ચુન કે મારેંગે ' એવા ચુનાવી વાદાઓને સેનાની મદથી સરકારે સાચો કરી બતાવ્યો એના લાંબા ગાળાના ફાયદા કરતા તાત્કાલિક ફાયદો એ થયો કે સેનાનું મનોબળ વધ્યું , ખાસ કરીને શાશકીય છૂટ જે અત્યાર સુધી સેનાને મળતી નહોતી એ હવે મળતી થઈ છે. અને હવે સેના ભલે નાં પડતી હોય પણ આગળ ઉપર પણ આવી કાર્યવાહી ચોક્કસ કરવાની જ અત્યારે તો પાકિસ્તાન પર ભયંકર દબાવ છે. રખે માનતા કે આતંકીઓના આ રખેવાળો સખણા બેસી રહેશે, એ આતંકવાદીઓ થકી હુમલાઓ કે સાવ બુદ્ધિ બેર મારશે તો ખુદ પાકિસ્તાન પણ નાનો-મોટો હુમલો કરી શકે છે અને એનું કારણ છે કે પાકિસ્તાનનો જન્મ જ ઝગડામાંથી થયો છે અને જન્મથી અત્યાર સુધી એ ચારેબાજુ એ જ કરતું રહ્યું છે અને બીજું કે પાકિસ્તાની સરકાર અને સેના માટે ભારત સાથે માથાકૂટ કરવી એ એક પ્રકારનો પૈસા કમાવાનો ધંધો છે. યુદ્ધ યુદ્ધના પોકારો કરતા નવાઝ અને બીજા નેતાઓ આ લખાય છે ત્યારે શાંતિની વાતો કરી રહ્યા છે પણ હવે ભારત એમના આવા છળકપટમાં નહિ આવે એ ચોક્કસ છે. જો કે હવે સૌથી મહત્વની વાત એ કે હવે સેનાની મુસ્તેદી અને શૌર્યને સરકાર અને ભારતીય જનતાનો પૂરો ટેકો છે. પાકિસ્તાનને એની સળીઓનો જડબાતોડ જવાબ વારંવાર મળતો રહેવાનો એ નક્કી છે.